**કામિની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**

નં.સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૪૨૯૩
તારીખ : ૨૭/૦૭/૨૦૨૬

# સંમતિપત્ર

**પ્રતિ,**

............................................

............................................

............................................

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં સમાવિષ્ટ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૪૧ (ડીંડોલી) , ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા), ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી) માં જાહેર વિકાસનાં કામો જેવા કે રોડ, ડ્રેનેજ, સ્ટ્રોર્મ ડ્રેનેજ, લાઈટનાં પોલ તથા બ્રીજ બનાવવા જેવા કામો માટે રોડની હદનું તેમજ કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે ડીમાર્કેશન કરવાનું કામ.

**સંદર્ભ :–** સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકા ઠરાવ નં.૨૨૮૦/૨૦૨૫, તા.૦૫/૧૨/૨૦૨૫ થી મંજુર થયેલ યુનિટ રેઈટ ના ભાવો મુજબ.

**મહાશય,**

ઉપરોકત વિષયનું કામ તેમજ સંદર્ભ દર્શિત વિગતથી મંજુર યુનિટ રેઈટના ભાવો, શરતો અને સ્પેશીફીકેશન મુજબ કરવામાં આવનાર છે. આ કામ કરવા માટે તમો રસ ધરાવતા હોય, તો ડીમાર્કેશનની કામગીરીની રકમ રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદાની રકમના કામ માટે ભરવાપાત્ર અર્નેસ્ટમની ડીપોઝીટની (EMD)ની રકમ રૂા.૫,૦૦૦/– સાથેનું તમારૂ સંમતિપત્ર તા.૦૩/૦૮/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારને પહોંચતું કરવા ઘટતુ કરશો તથા સરકારશ્રીના પ્રવર્તમાન તથા વખતો વખત બદલતા GST અંગેના નિયમો બંધનકર્તા રહેશે.

ઉપર જણાવેલ કામ અંગે સંમતિપત્રો ઈ.એમ.ડી. (ચેક, પે ઓર્ડર, ડીમાન્ડ ડ્રાફટથી), રજીસ્ટ્રેશનની તથા સોલવંશી સર્ટી ની પ્રમાણિત નકલ વિના માન્ય રાખવામાં આવશે નહિ. જેની નોંધ લેશો.

-SD-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા., ૫,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે છેલ્લા ૦૫(પાંચ) વર્ષમાં દરમ્યાન સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો અનુભવનાં સર્ટીફીકેટ (ફોર્મ –૩(A) ) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૩. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૬. સ્થા.સ.ઠ.નં.૨૨૮૦/૨૦૨૫, તા.૦૫/૧૨/૨૦૨૫ થી મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબના ભાવો અને શરતો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

૭. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૮. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૯. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૦. સદર કામગીરી બાબતે અત્રેના શહેરી વિકાસ વિભાગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૧. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના ટર્ન ઓવરનું સી.એ. સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાનું રહેશે.

૧૨.ઈજારદારે એન્ટીબ્લેક લીસ્ટ અંગેની એફીડેવીટ રજુ કરવાની રહેશે.

-SD-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**